વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિઓના સમાચારનું ગુજરાતી માસિક

# કોશિશ થી કામયાબી

૧૫ જાન્યુઆરી - ૨૦૧૮
અંક નં. ૬૧



# ઉદ્‌ઘાટન - લોકાર્પણ સમારંભ








હવે આપ વેબસાઇટ www.klinstitutedeaf.org અને pnrsociety.org ઉપર પણ 'કોશિશ થી કામયાબી' જોઇ શકો છો

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 Jan. - 2018 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 12

# લોકાર્પણ સમારંભ - ૨૦૧૮

પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓમાં નવા પ્રોજેક્ટના દીપ પ્રાકટ્ય દ્વારા ઉદ્‌ઘાટન, ઉત્તમ કામગીરી કરનાર મહાનુભાવો તથા સંસ્થાના તેજસ્વી તારલાઓનું અભિવાદન અને વિવિધ સાધન સહાયનો કાર્યક્રમ, તા. ૭ જાન્યુ.-૧૮ને સાંજના પાંચ કલાકે, નટરાજ કોલેજ, ભાવનગર ખાતે, સુંદર રીતે સજાવેલાં સ્ટેજ અને વિશાળ સમિયાણામાં, આમંત્રિત મહેમાનો, દાતાશ્રીઓ, સંસ્થાના કાર્યકર્તાઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓની વિશાળ હાજરીમાં, શ્રી ભાવનાબેન અંધારિયાની પ્રાર્થના દ્વારા શરુ કરવામાં આવેલ, આ કાર્યક્રમના પ્રમુખ સ્થાને શ્રી વામનભાઈ પારેખ (નિલકમલ પ્રા.લિ.) રહેલ.

માનવંતા મહેમાનોનું શાબ્દિક સ્વાગત સંસ્થાના પ્રમુખ શ્રી શશીભાઈ વાધરે કર્યા બાદ, તમામ મહેમાનો-દાતાશ્રીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત, દિવ્યાંગ બાળકો દ્વારા કરવામાં આવેલ.

સંસ્થાના ફાઉન્ડર મેમ્બર શ્રી બાબાભાઈ દ્વારા, વિવિધ સંસ્થાઓના પ્રોજેક્ટનું દીપ પ્રાકટ્ય કરી ઉદ્‌ઘાટન, જે-તે દાતાશ્રીઓ દ્વારા કરાવવામાં આવેલ.

ત્યારબાદ શ્રી જયેશભાઈ ધંધુકિયા દ્વારા, શ્રીમતી માલતીબેન અને શ્યામલાલ દલાલ **હેન્ડિકેપ વેલ્ફેર કોર્પસ ફંડ** તથા અન્ય ફંડો દ્વારા, સાધન સહાય અને તેજસ્વી તારલાઓ તથા અન્ય મહાનુભાવોનું સન્માન પત્ર આપી સન્માન કરાયેલ. જેમાં ડૉ. રાજેન્દ્ર કાબરિયા (બ્રેઈનડેડ વ્યકિતના અંગોનું જીવિત વ્યકિતમાં આરોપણ), ડૉ. નવનીતભાઈ રાઠોડ ( ICT માં શ્રેષ્ઠ કામગીરી), શ્રી ઘનશ્યામભાઈ બારૈયા (ગુ.રા. ના શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત થવા બદલ), શ્રી રાજેશભાઈ પટેલ ('કોશિશ' નું શ્રેષ્ઠ ડિઝાઈનિંગ કરવા બદલ) વિગેરે મુખ્ય હતાં.

આ કાર્યક્રમમાં શ્રી જયોફ વેઈન (રિજીયોનલ એમ્બેસેડર, યુ.કે.), શ્રી નટવરભાઈ દેસાઈ, શ્રી અશોકભાઈ મોદીએ પ્રસંગોચિત વકતવ્ય તથા ડૉ. નરેશભાઈ વેદે (પૂર્વ વા.ચા. ભાવ. યુનિ.) **કી-નોટ એડ્રેસ** તથા શ્રી વામનભાઈ પારેખે પ્રમુખ સ્થાનેથી સંબોધન કરેલ. જયારે આભારવિધિ શ્રી પારસભાઈ શાહ અને કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ કરેલ. આ કાર્યક્રમમાં ઉપરોકત મહાનુભાવો ઉપરાંત, મુંબઈથી શ્રી કીર્તિભાઈ કાણકિયા, શ્રીમતી રશ્મીબેન પારેખ, શ્રી રસેશભાઈ દોશી, શ્રી નરેન્દ્રભાઈ કે. શાહ, શ્રી ક્રિષ્ણકાંતભાઈ ચિતલિયા, શ્રી જીતેન્દ્રભાઈ મહેતા, શ્રી હર્ષદભાઈ શેઠ, શ્રી ધવલભાઈ શેઠ તથા શ્રી પ્રફુલભાઈ શાહ (અમેરિકા) વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા વિવિધ કમિટીઓના કાર્યકર્તાઓ અને કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમની સફળતા માટે અનેક શુભેચ્છા સંદેશાઓ દેશ-વિદેશથી આવ્યાં હતાં.

✍ **કિરીટ રાઠોડ**







- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/2016-18, Monthly
- અંક નં. ૬૧ : ૧૫ જાન્યુઆરી - ૨૦૧૮
- પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  E-mail : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  Visit us : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  અનંત કે. શાહ
- સહતંત્રી
  અક્ષિત પંડ્યા
  કિરીટ રાઠોડ
- પ્રિન્ટિંગ
  સંભવ ઑફસેટ, ગાંધીનગર.
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦
- ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  રાજેશ પટેલ
- સંપાદક મંડળ
  લીલા ચૌહાણ
  વૈશાલી યોગી
  નેહલ ત્રિવેદી
  પરિક્ષિત ભટ્ટ
  આરિફ જેઠવા
  પારસ શાહ
  ભરત કનાડા
  મનસુખ સોરઠિયા



- જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |






















જનરલ O.P.D.
મોબિલિટી ટ્રેઈનર
AT&T કોર્પસ ફંડ




બાલમંદિર કલાસરૂમ
AT&T કોર્પસ ફંડ




બાલમંદિર કલાસરૂમ
AT&T કોર્પસ ફંડ






ગરમ સ્વેટર, મોતિયાના ઓપરેશન, કાનની સર્જરી










AT&T કોર્પસ ફંડ






ગરમ સ્વેટર,



# તકિતઓનું અનાવરણ

વિકલાંગોના પુનઃસ્થાપન માટે અવિરત કાર્યરત, પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓમાં દાતાશ્રીઓ અને શુભચિંતકો, અનુદાન અને પ્રેરણાની વસંત લાવે છે. જેથી આ સંસ્થા પ્રતિવર્ષ ઉત્સાહથી, વધુ કાર્ય કરવા સક્ષમ બને છે. આ વર્ષે પણ તા. ૬ જાન્યુ. થી તા. ૮ જાન્યુ.`૧૮ દરમિયાન **લોકાર્પણ સમારંભ**નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં પ્રથમ દિવસે દાતાશ્રીઓ તથા મહેમાનોએ; શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાની મુલાકાત બાદ, પી.એન.આર. હોસ્પિટલમાં, દાતા શ્રીમતી મૃદુલાબેન અને શ્રી જીતેન્દ્રભાઈ મહેતા અને પરિવારના હસ્તે **જનરલ ઓ.પી.ડી. વિભાગ** તથા **હાઈટેક બાલમંદિર**ની તકતીનું અનાવરણ કરવામાં આવેલ. ત્યારબાદ એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક ખાતે, યુ.એસ.એ. ના દાતાઓના **કોર્પસ ફંડની નેઈમપ્લેટ**નું અનાવરણ શ્રી પ્રફુલભાઈ શાહ અને સહયોગીઓના વરદ્ હસ્તે કરવામાં આવેલ. પી.આર. વાઘર આર્ટિફિશીયલ લિમ્બ સેન્ટર, ખી. લ. બહેરાં મૂંગા શાળામાં શ્રીમતી મહાલક્ષ્મી જગન્નાથ એ. મહેતા માધ્યમિક શાળા, ભારત વેલવેટ ઓડિયો સ્પિચ ડિપાર્ટમેન્ટ તથા કલાસરૂમ એક્ટિવિટી નિહાળી, દિવ્યાંગ બાળકો દ્વારા સાંજના સમયે યોજાયેલ **સાંસ્કૃતિક કાર્યક્રમ** મહાવીર ઓડિટોરિયમમાં મહેમાનોએ મન ભરીને માણેલ. તા. ૭ જાન્યુ.`૧૮ ના રોજ વી.સી. લોઢાવાળા હોસ્પિટલમાં, દાતા ડૉ. વસુબેન પારેખ પરિવારના હસ્તે, **ડેન્ટલ ચેર લોકાર્પણ** અને શ્રી રશ્મિબેન તથા શ્રી પ્રતાપભાઈ પારેખના સહયોગથી 'મેડિકલ કેમ્પ'નું આયોજન કરાયેલ. શ્રીમતી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલયમાં, **સદ્. શ્રીમતી કમળાબેન રતિલાલ દોશી સંકુલ**ના **નામકરણ તકતી**નું અનાવરણ પછી, 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળામાં **જયશ્રીબેન કાણકિયા વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર**ની તકતીનું અનાવરણ શ્રી કીર્તિભાઈના હસ્તે; નટરાજ સી.પી. સ્કૂલમાં **ઓટિઝમ સ્કૂલ** તથા **ડે કેર સેન્ટર**ની તકતીનું અનાવરણ શ્રી નરેન્દ્રભાઈ શાહના હસ્તે તથા શ્રી વસંતભાઈ ગાંધી (યુ.એસ.એ.)ના દાનથી **ફિઝીયો અનવેઈંગ મોબિલિટી ટ્રેઈનર મશીન**નું લોકાર્પણ શ્રી ધવલભાઈ શેઠ દ્વારા કરવામાં આવેલ. આ ઉપરાંત હાઈટેક પ્રાયમરી સ્કૂલમાં **ઈ-લર્નિંગ માટે ગેઝેટ**ની તકતીનું અનાવરણ શ્રીમતી રશ્મિબેન પારેખ તથા નટરાજ બોયઝ હોસ્ટેલ બિલ્ડિંગના બીજા માળના બાંધકામની **તકતીનું અનાવરણ** હિંદુસ્તાન પેન્સિલ પ્રા.લિ. પરિવારના હસ્તે કરવામાં આવેલ. તથા શ્રી જિતેનભાઈ પી. મોદીની સ્મૃતિમાં **સોલાર પાવર પ્રોજેક્ટ તકિત**નું અનાવરણ શ્રી અશોકભાઈ મોદીના હસ્તે કરવામાં આવેલ. સાંજના સમયે નવા પ્રોજેક્ટના ઉદ્ઘાટન તથા અભિવાદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ.

**કિરીટ રાઠોડ**














કલાસરૂમમાં ઈ - લર્નિંગ ગેજેટ


હિન્દુસ્તાન પેન્સિલ લિ.










E-Learning Project




ડેન્ટલ ચેર
સ્વ. શ્રી ભાનુબેન પારેખ અને
શ્રી બંકીમભાઈ પારેખના સ્મરણાર્થે
હ. ડો. શ્રી વસુબેન પારેખ


સદ્. શ્રીમતી કમળાબેન રતિલાલ દોશી
સંકુલ






# નિલકમલ લિમિટેડ-મુંબઈના કોર્પસ ફંડમાંથી સાધન સહાય વિતરણ

પી.એન.આર. સોસાયટી અંતર્ગત, નિલકમલ લિ. ના **રીચિંગ ટુ અનરીચ્ડ કોર્પસ ફંડ**ના પ્રોજેક્ટ દ્વારા, સેરિબ્રલ પાલ્સી લાભાર્થીઓ માટે રોકડ રીક્ષા સહાય, ટેબલેટ, વ્હીલ ચેર, વોકર, એજ્યુકેશન કીટ વિગેરે શ્રી વામનભાઈ પારેખ, (ચેરમેન, નિલકમલ લિ.) દ્વારા અર્પણ કરવાનો એક કાર્યક્રમ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ નટરાજ ઓડિટોરીયમમાં તા. ૮ જાન્યુ. ના રોજ રાખવામાં આવેલ. સંસ્થામાં આવેલ માનવંતા મહેમાનો, ટ્રસ્ટીગણ, કર્મચારીગણ, લાભાર્થીઓ અને તેઓશ્રીના વાલીઓએ કાર્યક્રમમાં હાજરી આપેલ. સી.પી. સ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન શાહ દ્વારા પ્રસંગ પરિચય તથા મુખ્ય અતિથિ શ્રી વામનભાઈ પારેખ તથા મંત્રી શ્રી અનંતભાઈ કે. શાહ દ્વારા પ્રસંગોચિત ઉદ્‌બોધન કરવામાં આવેલ હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા કરવામાં આવેલ હતું.
















# એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કના તાલીમાર્થીઓને સ્કોલરશીપ - એવોર્ડ અર્પણ કાર્યક્રમ

પી.એન.આર. સોસાયટી સંચાલિત, એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં સફળ તાલીમાર્થીઓને રોકડ પુરસ્કાર-સ્કોલરશીપ-એવોર્ડ અર્પણ કરવાનો કાર્યક્રમ નટરાજ કોલેજ ખાતે, તા. ૮ જાન્યુ.`૧૮ ના રોજ અમેરિકા સ્થિત અતિથિ વિશેષ શ્રી પ્રફુલભાઈ શાહ, સંસ્થાના અન્ય ટ્રસ્ટીગણ, કર્મચારીગણ, તાલીમાર્થીઓ અને તેઓના વાલીઓ વિગેરેની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. ઉદારદિલ દાતા પરિવાર દ્વારા દીપ પ્રાગટય બાદ, શ્રી કૌશિકભાઈ પરમાર દ્વારા બે **પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન** રજૂ કરાયાં હતાં. જેમાં એ.ટી. એન્ડ ટી. શાખાની કાર્ય પ્રણાલી જેવી કે, જમવા-રહેવાની વ્યવસ્થા, તાલીમ, ભૂતકાળમાં યોગદાનથી ચાલતી પ્રવૃત્તિઓનું નિદર્શન કરવામાં આવેલ. દિવ્યાંગ પુનર્વસનની પ્રત્યક્ષ સાબિતી આપતાં વ્યકિતઓએ એ.ટી. એન્ડ ટી. ની સફળતાની સાક્ષી પૂરાવી. સફળ દિવ્યાંગોને એવોર્ડ તથા જરૂરતમંદ વિદ્યાર્થીને સ્કોલરશીપ સહાયના ચેક અર્પણ કરાયાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કૌશિકભાઈ પરમારે કરેલ. જયારે શ્રી જયેશભાઈ ધંધુકિયાએ ઉદ્‌ઘોષક તરીકે સેવા આપેલ.

## A big salute to USA-based Mr. Mahesh Naithani



Founder of www.medmeme.com Mr. Mahesh Naithani (USA) has been following the progress of AT&T Technology Park of the PNR Society, specially raised for empowering disabled in Digital Education and was very much impressed and selected the Park as one of the projects. Mr. Naithani is a CEO of Medmeme USA based life science data. He has to his credit 30 years of syndicated market research for pharmaceutical industry. Mr. Naithani's generous and precious donation of one lakh dollars to the AT&T Technology Park Corpus Fund at one go has been a land mark in the support the Park has been receiving so far. The management of AT&T Technology Park and PNR Society salutes Mr. Naithani for his history-making support.













# મહાનુભાવોના વક્તવ્યમાંથી...

## GRACEFUL ADDRESS OF H.E. GEOFF WAIN AT LOKARPAN

H.E. Geoff Wain, British Deputy High Commissioner (Gujarat and Rajasthan) in his graceful address praised the work of empowering the disabled by the PNR Society and its associated institutions to join mainstream society and to support this noble cause he declared a donation of Rs. One Lakh making history. It was my fortune to be in a Lokarpan (Dedication) function, he added. While expressing thanks he said that Britain will remain with such a mission forever.


શ્રી જયોફ વેઈન

શ્રી જયોફ વેઈને (બ્રિટીશ હાઈ કમિશ્નર, ગુજરાત રાજસ્થાન) સંસ્થાની બે મુલાકાતોના નિરીક્ષણ બાદ, આશ્વસ્થ અને સંતુષ્ટ થઈને ૧ લાખ રૂપિયાના સહયોગ સાથે, દાન આપવાની ખાત્રી આપી. આમ બ્રિટન-ભારતના સામાજિક વિકાસની યોજનાનું નવું પ્રકરણ શરુ થયું. તેમને કહ્યું કે, "અહીં પી.એન.આર. સોસાયટીની સફળ કામગીરી ઉજવણીના પ્રસંગે હાજર રહેવું મારું સદ્‌ભાગ્ય છે અને ફેન્ટાસ્ટીક રમતવીરોને એવોર્ડ અર્પણ કરતા મને આનંદ થયો છે. સમાજ સેવાની સતત ચાલનારી પ્રવૃત્તિઓમાં યુ.કે.નો પણ સહકાર રહેશે અને ભવિષ્યમાં હું પણ સંસ્થાની મુલાકાત લેતો રહીશ. ધન્યવાદ."



## શ્રી નરેશભાઈ વેદ

સંસ્થાના મિત્ર અને સારસ્વત, ભાવ. યુનિના પૂર્વ વાઈસ ચા. શ્રી નરેશભાઈ વેદે, **દિવ્યાંગ સેવાને મોક્ષનો માર્ગ** ગણાવી, લાભાર્થી દિવ્યાંગના વાલી, શિક્ષક, કર્મચારી, દાતાઓને આ ઉમદા કાર્ય માટે **બડભાગી તપસ્વી** તરીકે નવાજયાં. "દિવ્યાંગ અને તેની સેવારૂપી તપ કરનાર એ બંનેના કર્મો ખપે છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે." પી.એન.આર. સોસાયટીનો ભૂતકાળ વાળોગતાં, **અહીં માનવીનું વાવેતર થાય છે** એ વાત કરી. દિવ્યાંગોની સેવાનું સામાજિક મહત્વ અને અધ્યાત્મિક મૂલ્ય સમજાવી, બધાને વિચાર કરવા મજબૂર કરી દીધા હતાં.



## શ્રી અશોકભાઈ મોદી

"સોલાર એનર્જી મેળવી, વાપરવાથી સંસ્થાનું ફંડ બચાવી દિવ્યાંગો માટે કેમ વાપરી શકાય?" તેની મહત્વની વાત કરી, ઉત્તમ કાર્ય માટે શુભેચ્છા પાઠવી. તેઓશ્રીએ નટરાજ કોલેજ કેમ્પસમાં, **સોલાર પાવર પ્રોજેક્ટ** સ્વ. શ્રી જીતેનભાઈ મોદીની સ્મૃતિમાં અર્પણ કરેલ અને તેઓશ્રી તથા શ્રીમતી કોકીલાબેન મોદીના વરદ્ હસ્તે પ્રોજેકટ માટે દીપ પ્રાકટય કરી, અર્પિત કરેલ હતો.



## શ્રી વામનભાઈ પારેખ

સમારંભના પ્રમુખ, શ્રી વામનભાઈ પારેખ ( ચેરમેન, નિલકમલ લિમીટેડ), પોતાના વકતવ્યમાં સંસ્થાનો સેવાદીપ પ્રજ્જવલિત છે અને સદા રહેશે જ, એવા આત્મવિશ્વાસ સાથે આનંદ પૂર્વક કહ્યું કે, "હું જયારે-જયારે સંસ્થામાં આવું છું, ત્યારે નવું નવું અને વિકસતું જ જોવ છું. અહિંનું પર્યાવરણ, સૌંદર્ય અને કાર્યશૈલી ઉડીને આંખે વળગે છે પોલિયો નાબૂદી, સ્ત્રી સશકિતકરણ અને દિવ્યાંગોના પુનર્વસનના કામમાં અમે સહયોગ કરતાં જ રહીશું."

# શ્રી નટવરભાઈ દેસાઈનો સન્માન સમારોહ

૪૦ વર્ષથી પી.એન.આર. સોસાયટીના વડીલ અને સાથી-માર્ગદર્શક અને દાનની કરોડરજ્જુ, માનનિય શ્રી નટવરભાઈ દેસાઈને **મહર્ષિ સાંદિપની એવોર્ડ-૨૦૧૭** ભાગવતાચાર્ય શ્રી રમેશભાઈ ઓઝાના હસ્તે એનાયત થવાના ઉપલક્ષ્યમાં એક સમારંભનું આયોજન, નટરાજ કોલેજના ઓડિટોરિયમમાં કરવામાં આવેલ હતું. જેમાં સંસ્થાના શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), શ્રી મફતભાઈ, શ્રી પ્રકાશભાઈ દેસાઈ, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી અલ્પેશભાઈ શેઠ, શ્રી પારસભાઈ શાહ, ડો. ડી. જે. ધંધુકિયા, શ્રી મનસુખભાઈ સોરઠીયા, ટ્રસ્ટીગણ, બધીજ સંસ્થાઓના કર્મચારીગણ ઉપસ્થિત રહેલ. વિશિષ્ટ શિક્ષક શ્રી જયોતિબેન પરમાર દ્વારા ગવાયેલ પ્રભુ ભજન બાદ, શ્રી અશ્વિનભાઈએ પ્રસંગ પરિચય આપેલ. મંત્રી શ્રી બાબાભાઈએ, શ્રી નટવરભાઈની પહેલી મુલાકાતથી માંડી અત્યારની જીવન ઝરમર રસપ્રદ રીતે રજૂ કરેલ. સંસ્થાના વિકાસમાં તેઓશ્રીના યોગદાનનો ચિતાર આપેલ અને મળનાર એવોર્ડ માટે અભિનંદન આપેલ.

શ્રી નટવરભાઈને અપાયેલ એવોર્ડનું વાંચન કરવામાં આવેલ અને શાલ અને પુષ્પગુચ્છ અર્પણ કરીને બધીજ શાખાઓના કાર્યકર્તાઓ અને કર્મચારીઓ દ્વારા અભિવાદન તથા પ્રતિનિધિઓએ શુભેચ્છા આપેલ.

શ્રી નટવરભાઈએ પોતાના પ્રતિભાવમાં એવોર્ડ, શાલો, પુષ્પગુચ્છ અને શબ્દો દ્વારા વરસાવાયેલ પ્રેમને સ્વિકારતા ધન્યવાદ અને આનંદ વ્યકત કર્યો. પોતે હંમેશા સંસ્થા સાથે જ છે, એવી હૈયા ધારણા આપી અને સંસ્થાની પ્રગત્તિ, કર્મચારીની ખુશહાલી માટે આશીર્વચન પાઠવ્યાં.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા તથા આભારવિધિ શ્રી પારસભાઈ શાહ દ્વારા કરવામાં આવી હતી.













Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 Jan. - 2018 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 12

# કાર્યક્રમમાં દાનની સરવાણી...

- ☑ સાંસ્કૃતિક કાર્યક્રમ જોઈને નિલકમલ પ્રા. લિ. ના શ્રી વામનભાઈ પારેખે દરેક ભાગ લેનાર બાળકો, કોરિયોગ્રાફર, શિક્ષકો, કોમ્પ્પેનિંગ કરનાર સાજીંદાઓ વગેરેને **રોકડ પુરસ્કાર** જાહેર કરેલ છે.
- ☑ વિક્રમભાઈ ગોરડીયાએ સાંસ્કૃતિક કાર્યક્રમ જોયા પછી, રૂા. ૧ લાખ દરેક સંસ્થાના **સંગીતના સાધનો** અને **કોસ્ચ્યુમ** વગેરે ખરીદવા માટે.
- ☑ શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલમાં સદ્. શ્રી શામજી માવજી પારેખ રાહત નિધિ ફંડ મારફત **ફ્રી નિદાન કેમ્પનું** આયોજન કરેલ. જે માટે શ્રી પ્રતાપભાઈ અને શ્રીમતી રશ્મિબેન પારેખના આર્થિક સહયોગથી રૂા. ૧,૨૫,૦૦૦/-નું દાન મળેલ છે.
- ☑ સંસ્થાના કાર્યકર શ્રી અમિતભાઈ શાહે (એન્જીનીયર) દરેક સંસ્થામાં પોતાના **માતુશ્રીની સ્મૃતિમાં** રૂા. ૧૧,૦૦૦/- લેખે કુલ રૂા. ૫૫,૦૦૦/- નું દાન મળેલ છે.
- ☑ સંસ્થાના બાળકો, કર્મચારીઓ મહેમાનો વગેરેનો ત્રિ-દિવસીય કાર્યક્રમ યોજાયેલ, તેના **ભોજન પ્રસંગે** શ્રી અંકુરભાઈ કામળિયા અને શ્રી કિરણભાઈ કાપડીયા તરફથી રૂા. એક-એક લાખનું દાન મળેલ છે.
- ☑ શ્રી પ્રદીપભાઈ એ. શાહ પરિવાર તરફથી 'અંકુર' સંસ્થામાં, **"નાઈશા સ્ટાફ વેલ્ફેર કોર્પસ ફંડ"** માટે, અગાઉ રૂા. ૧૨ લાખનું ડોનેશન મળેલ છે અને આજ પરિવાર તરફથી 'અંકુર'ના બાળકો માટે, **નિરામયા હેલ્થ પોલીસી**ના પ્રિમયમ માટે, દર વર્ષે રૂા. ૨ લાખનું ડોનેશન આપવાની જાહેરાત થયેલ છે, તે પૈકી રૂા. ૨ લાખનો ચેક, લોકાર્પણ સમારંભ-૨૦૧૮ માં મળેલ છે.







**PRINTED MATTER**

If undelivered, Please return to

Shri Shah K. L. Institute for the Deaf, 51, Vidyanagar, Bhavnagar-364 002. (Gujarat)

...... CONTACT US ......

**PNR Society for Relief & Rehabilitation of the Disabled**

51, Vidyanagar, BHAVNAGAR &
Nataraj College Campus,
Near Sardar Patel School,
Kaliyabid, BHAVNAGAR.
(Guj.-India)
Tel. (0278) 2570126 / 2470232
E-mail : info@pnrsoceity.org
Website : www.pnrsociety.org

PNR HOPE 4 HANDICAPPED